IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# પ્રજ્ઞા અભિગમમાં ગુણવત્તા સુધારણા- એક સર્વેક્ષણ

**ચૌધરી સંગીતાબહેનનટવરભાઇ**
પી.એચડી સ્કોલર

**માર્ગદર્શક**
ડો. પ્રિતિબેન ચૌધરી
એજ્યુકેશન વિભાગ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટ, સુરત

**પ્રસ્તાવના:**

**શિક્ષણના ઝડપી વિકાસ માટે શૈક્ષણિક ક્ષેત્રે ગુણવત્તા લાવવી આવશ્યક છે.અસરકારક અધ્યયન માટે શિક્ષણ પધ્ધતિઓ, વિષયવસ્તુ, ભૌતિક સુવિધાઓ તેમજ શિક્ષણ પ્રક્રિયામાં સુધારો કરવો ખુબ જ જરૂરી છે.પ્રજ્ઞા અભિગમ એટલે 'પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન' હેતુંને ધ્યાને લેતાં સમગ્ર વર્ગનાં તમામ બાળકોને કેન્દ્રમાં રાખીને, તેમની વૈયક્તિક ભિન્નતાને ધ્યાનમાં લઈને, તેમની ક્ષમતા તથા ગતિને આધારે શિક્ષણ આપવાનું હંમેશા કઠિન રહ્યું છે. આ પ્રજ્ઞા અભિગમ થકી બાળક વાંચન, લેખન, ગણન, કથન કૌશલ્યોનો વિકાસ સરળ રીતે કરી શકે છે. તેમનું શૈક્ષણિક વ્યક્તિગત માપન થઈ શકે. આ તમામ આવશ્યક્તાને ઉપકારક બને એટલેધોરણ 1 થી 2 માં'પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન' કે શિક્ષણ પ્રાપ્ત કરવાનો અભિગમ.**

**પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ પ્રજ્ઞા અભિગમમાં ગુણવત્તા સુધારણા માટે શિક્ષણ પધ્ધતિઓ, શૈક્ષણિક સાધન સામગ્રી, ભૌતિક સુવિધાઓ, પાઠ્યપુસ્તકો, મૂલ્યાંકન બાળકનો સર્વાંગીણ વિકાસ કરવો વગેરે બાબતોમાં ગુણવત્તા સુધારણાની આવશ્યકતા છે એ જાણવાનો હેતુ રહેલો છે. પ્રસ્તુત સંશોધનમાં નવસારી જીલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના 30 શિક્ષકોની પસંદગી કરી પ્રશ્નાવલિદ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી .આ સંદર્ભની ઊંડાણપૂર્વકની માહિતી પ્રસ્તુત સંશોધનપત્રમાં રજૂ કરવામાં આવી છે.**

**ચાવીરૂપ શબ્દો :**પ્રજ્ઞા અભિગમ, ગુણવત્તા સુધારણા, અસરકારક અધ્યયન-અધ્યાપન ,કૌશલ્યોનો વિકાસ, પ્રવૃત્તિઓ, મૂલ્યાંકન, શિક્ષક, વિદ્યાર્થી અને વાલીઓની સમસ્યાઓ.

## પ્રજ્ઞા અભિગમમાં ગુણવત્તા સુધારણા- એક સર્વેક્ષણ

વર્તમાન યુગએ આધુનિકતાનો યુગ છે. આજે આપણે દરેક ક્ષેત્રમાં ખૂબ જ પ્રગતિ સાંધી છે. તે પાછળનું મૂળ કારણ શિક્ષણ છે. આજે દિન- પ્રતિદિન શિક્ષણની ક્ષિતિજો વિસ્તરતી જાય છે. કોઈ નવી પ્રણાલી અસ્તિત્વમાં લાવવાં માટે તેમજ જૂની પ્રણાલીઓમાં સુધારા કરવાં કે બદલાવ લાવવાં માટે સંશોધન કરવામાં આવે છે.

**'જરૂરિયાત એ શોધખોળની જનેતા છે.'**

આદિમાનવથી માંડીને અવકાશયાત્રી સુધીની પરિવર્તનશીલ યાત્રાએશોધખોળની જ દેણ છે. આમ સંશોધનએ સતત ચાલતીપ્રક્રિયા છે. તેથી શિક્ષણમાં તેની જરૂરિયાત અને મહત્વ અનેકગણુંછે. વ્યક્તિનાં વિકાસની સાથેસાથ કુંટુંબ, સમાજ તેમજ રાષ્ટ્રનો વિકાસ સાંધવાં માટે શિક્ષણ અને તેમાયે પ્રાથમિક શિક્ષણ તો ખૂબ જ અગત્યનું પાસુંછે. તેથી રાષ્ટ્રનાં નિર્માણનાં કેન્દ્રમાં પ્રાથમિક શિક્ષણ જ મુખ્ય છે. તેથી પ્રાથમિક શિક્ષણ જેટલું સક્ષમ અને સબળ હશે, તેટલો જ રાષ્ટ્ર વધુ આગેકૂચ કરશે.

સતીષ પાઠક 'જીવન શિક્ષણ'(2003) સામયિકનાં'શિક્ષણનાં નૂતન પ્રવાહો અને પધ્ધતિઓ'નામનાં લેખમાં અર્મત્યસેનનાં પ્રાથમિક કેળવણીનાં મંતવ્ય વિશે દર્શાવે છે કે,

**" પ્રાથમિક શિક્ષણની સધ્ધરતા વિના સમાજની કરોડરજ્જુ સ્થિર ન કરી શકે.સાર્વત્રિક્તા અથવા વૈશ્વિકરણનાં સંદર્ભમાં વ્યાપ પૂરતો સીમિત નથીએમ બે વસ્તું ઉમેરવાની શકયતા તપાસીજવાની અનિવાર્યતાછે અને તે છે, ગુણવત્તા અને જરૂરિયાત."**

આઝાદી પછી ઈ.સ. 1950માં આપણું બંધારણ અસ્તિત્વમાં આવ્યું ત્યારથી 10 વર્ષનાંગાળામાં ઈ.સ. 1960મા સુધીમાં 6 થી 14 વર્ષનાં તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડવામાં આવશે એવું બંધારણની કલમ-45માં કરવામાં આવ્યું હતું. ઈ.સં. 1976માં બંધારણમાં સુધારો કરી તેની જવાબદારી કેન્દ્ર અને રાજ્યની સંયુક્ત રીતે કરવામાં આવી હતી. પ્રાથમિક શિક્ષણનાસાર્વત્રિકરણના સંદર્ભમાં રાજ્ય સરકારે કેટલીક યોજનાઓમાં'સર્વ શિક્ષા અભિયાન' (SSA), ભાર વિનાનું ભણતર, પ્રવેશોત્સવ, મધ્યાહન ભોજન યોજના,પ્રજ્ઞા અભિગમ વગેરેનો સમાવેશ થાય છે.

## પ્રજ્ઞા અભિગમ

- **પ્રજ્ઞા**

'પ્રજ્ઞા'નો કોશગત અર્થ છે,'બુધ્ધિ' પણ અહીં'પ્રજ્ઞા' શબ્દ 'પ્રવુત્તિ' અને 'જ્ઞાન' એમ બે શિક્ષણ પ્રક્રિયાનાં મહત્વનાં શબ્દોનાં આધ્યાંક્ષરો પરથી બનેલો શબ્દ છે. જેથી આ અભિગમમાં'પ્રજ્ઞા' શબ્દોનો સામાન્ય હેતું'પ્રવુત્તિ દ્વારા જ્ઞાન'નો સમાવેશ કરવાં માટે કરેલ છે.

- **અભિગમ**

ઓક્સફોર્ડડીક્ષનરીમાં દર્શાવ્યાં અનુસાર અભિગમનો શાબ્દિક અર્થ

'પરિસ્થિતિ અથવા સમસ્યા સાથે વ્યવહાર કરવાની રીત'.

## પ્રજ્ઞા અભિગમએટલે શું ?

પ્રજ્ઞા અભિગમ એટલે 'પ્રવુત્તિ દ્વારા જ્ઞાન' હેતુંને ધ્યાને લેતાં સમગ્ર વર્ગનાં તમામ બાળકોને કેન્દ્રમાં રાખીને, તેમની વૈયક્તિક ભિન્નતાને ધ્યાનમાં લઈને, તેમની ક્ષમતા તથા ગતિને આધારે શિક્ષણ આપવાનું હંમેશા કઠિન રહ્યું છે. શિક્ષણવિદો અને શિક્ષકો એવા અભિગમની શોધમાં હોય છે કે જેમાં વર્ગનાં તમામ તમામ બાળકોને શિક્ષણની પ્રક્રિયામાં જોડી શકાય. તેમનું શૈક્ષણિક વ્યક્તિગત માપન થઈ શકે. આ તમામ આવશ્યક્તાને ઉપકારક બને એટલે પ્રજ્ઞા શિક્ષણની નવી તરાહ મુજબ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ધોરણ 1 થી 2 માં'પ્રવુત્તિ દ્વારા જ્ઞાન' કે શિક્ષણ પ્રાપ્ત કરવાનો અભિગમ. અંગ્રેજીમાં તેને,'PRAGNA Means Intellect, Understanding, Wisdom' તરીકે ઓળખવામાં આવે છે.

આમ, પ્રસ્તુત સંશોધનમાં પ્રજ્ઞા અભિગમ' ધોરણ 1 અને 2 અંતર્ગત 'પ્રવુત્તિ દ્વારા જ્ઞાન' મળી રહે તેવી શાળાઓ એવો હેતું આ અભિગમનો રહ્યો છે.

## શૈક્ષણિક ગુણવત્તા સુધારણા એટલે શું ?

પ્રવર્તમાન સમયમાં સૌથી વધુ ચર્ચાતો શબ્દ ગુણવત્તા છે. દરેક ક્ષેત્રેમાં ગુણવત્તાને પ્રાધાન્ય આપવામાં આવે છે. તે જ રીતે શિક્ષણમાં પણ ગુણવત્તાનો આગ્રહ રાખવામાં આવે એ સ્વભાવિક છે. શાળાઓમાં ગુણવત્તાનો આધાર અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા પર રહેલો છે.

વછરાજાની(2007)ના મત મુજબ,

**"તમે જે કરો છો, તે કરવું જોઈએ તેમ કરો, એટલું જ નહીં પરંતુ કરવું જોઈએ તેનાથી વિશેષ કાળજી લઈને કરો ત્યારે ગુણવત્તાનો જન્મ થાય છે."**

શિક્ષણ ક્ષેત્રે ટકવાં માટે ગુણવત્તા અનિવાર્ય છે. વિદ્યાર્થીઓ પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન, વિવિધ કૌશલ્યોનો વિકાસ, સમજશક્તિ, સહભાગીદારી,તર્કશક્તિ, સંવાદશક્તિ વગેરે બાળકમાં વિકસે એ જરૂરી છે.

પટેલ (2004)નોધે છે,કે, શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટે નીચેના પરિબળો જવાબદાર હોઈ શકે.

- શિક્ષકોની યોગ્ય તાલીમ
- શૈક્ષણિક સ્રોતોના આધારો
- ગુણવત્તા સુધારણા માટે યોગ્ય દિશાસૂચન
- અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા વગેરે.

પ્રસ્તુત સંશોધન હાથ ધરવા પાછળનો હેતું એજ છે કે,પ્રાથમિક શિક્ષણનાં સાર્વત્રિકરણની સાથે ઘણા નવતર પ્રયોગો કરવાં છતાં ગુણોત્સવમાં પ્રાથમિક શિક્ષણનું પરિણામ ખૂબ જ કથળતું જોવાં મળ્યું. તેથી સંશોધકને મનોમન ઘણા પ્રશ્નો ઉદભવ્યાં અને પ્રાથમિક શિક્ષણ સુધારણાં માટે હાલમાં 'પ્રજ્ઞા અભિગમ'નો વર્ષ 2018-19 દરમ્યાન શાળામાં અમલી બન્યો છે. તો તે કેટલું અસરકારક અને પરિણામગામી બન્યું છે કે કેમ ? તેથી શિક્ષણ ક્ષેત્રે ટકી રહેવા માટે ગુણવત્તા અનિવાર્ય છે.

## સંશોધનના હેતુઓ :

1. પ્રજ્ઞા અભિગમમાં ગુણવત્તા સુધારણા અંગે શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.
2. પ્રજ્ઞા અભિગમમાં ગુણવત્તા સુધારણા અંગે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાના અભિપ્રાયો મેળવવા.
3. પ્રજ્ઞા અભિગમમાં ગુણવત્તા સુધારણા અંગે ભૌતિક સુવિધાઓના અભિપ્રાયો મેળવવા.
4. પ્રજ્ઞા અભિગમની અસરકારકતા અંગે શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

## સંશોધનના પ્રશ્નો :

1. **પ્રજ્ઞા અભિગમની ગુણવત્તા સુધારણા અંગે શિક્ષકો કેવાં અભિપ્રાયો ધરાવે છે?**
2. **પ્રજ્ઞા અભિગમની ગુણવત્તા સુધારણા અંગે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાના કેવાં અભિપ્રાયો ધરાવે છે?**
3. **પ્રજ્ઞા અભિગમની ગુણવત્તા અંગે ભૌતિક સુવિધાઓ માટે કેવાં અભિપ્રાયો ધરાવે છે?**
4. **પ્રજ્ઞા અભિગમની ગુણવત્તા સુધારણા અંગે શિક્ષકોના કેવાં સૂચનો હશે ?**

## વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી :

પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ નવસારી જિલ્લામાં આવેલી પ્રાથમિક શાળાઓના શિક્ષકોનો સમાવેશ કર્યો હતો. જેમાથી સહેતુક નમૂના પસંદગીની રીતે કુલ ૧૦ શાળાઓ પસંદ કરી તેમાથી ૩૦ શિક્ષકો પાસેથી માહિતી મેળવી હતી.

## સંશોધન પદ્ધતિ :

પ્રસ્તુત સંશોધન માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

## ઉપકરણ પસંદગી :

પ્રસ્તુત સંશોધનમાં શિક્ષકો માટે પ્રશ્નાવલિની રચના કરવામાં આવી હતી. જેમાં દસ(10)મુક્તજવાબી પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

## માહિતી એકત્રીકરણ :

પ્રસ્તુત સંશોધનમાં સમાવિષ્ટ નમુનાના પાત્રોને રૂબરૂ મળી પ્રશ્નાવલિ આપી ઉત્તરો મેળવવામાં આવ્યા હતાં.

## માહિતી પૃથક્કરણ :

શિક્ષકો પાસેથી મેળવેલી માહિતીનું પૃથક્કરણ વિષયવસ્તુ વિશ્લેષણ દ્વારા ગુણાત્મક પૃથક્કરણ કરી તારણો મેળવવામાં આવ્યા હતા.

## સંશોધનના તારણો :

- **પ્રજ્ઞા અભિગમમાં ગુણવત્તા સુધારણાઅંગેના તારણો :**

1. વિદ્યાર્થીને પોતાની રૂચી અને રસ મુજબ કામ કરવાની તક મળે છે.
2. દરેક વિદ્યાર્થીને શીખવા માટે પૂરતો સમય આપી શકાય.
3. વિદ્યાર્થીને ભાર વિનાનું ભણતર પ્રાપ્ત થાય.
4. શિક્ષકની મદદ વગર પણ પોતાની સમજ અને ગતિ પ્રમાણે જાતે શીખવાની તક પ્રત્યેક વિદ્યાર્થીને મળે છે.
5. દરેક વિદ્યાર્થી પોતાની શીખવાની શક્તિ અને પોતાના સ્તરથી પરિચિત થાય.
6. વિદ્યાર્થીઓને પોતાના જૂથના સહઅધ્યાયી પાસેથી શીખવાની તક મળે છે.
7. દરેક સંકલ્પનાની સમજ સંદર્ભે વિદ્યાર્થી નબળું જણાય તો તેનું ઉપચારાત્મક કાર્ય તરત જ શરૂ થાય છે.
8. શીખવા માટેની પૂરતી સાધન-સામગ્રીને કારણે શીખવાનું વધુ રસપ્રદ અને અનુભવજન્ય બની રહે છે.
9. પ્રત્યેક વિદ્યાર્થી અભ્યાસક્રમને પોતાની ગતિથી શીખી શકે છે.
10. વિદ્યાર્થી પોતાના વાંચન કૌશલ્યને સંવર્ધિત કરવા માટે વિશેષ વાંચન સામગ્રી પ્રાપ્ત થાય છે.
11. વિદ્યાર્થીઓમાં શીખવાની સામગ્રીનાં નિર્માણ અને ઉપયોગની ક્ષમતાઓનો વિકાસ થાય છે.
12. વિદ્યાર્થીઓને વજનદાર પુસ્તકનાં સ્થાને નાના-નાના અભ્યાસકાર્ડથી અધ્યયન તક પૂરી પાડવામાં આવે છે.
13. વિદ્યાર્થીઓએ કરેલા પ્રવૃતિઓનાં પ્રદર્શન માટે ડિસ્પ્લે બોર્ડ હોય છે. જેમાં પ્રત્યેક વિદ્યાર્થીની કૃતિ પ્રદર્શન કરવામાં આવે છે. જેનાથી વિદ્યાર્થીને પ્રોત્સાહન મળે છે.
14. સમગ્ર અભ્યાસકાર્ડ દ્વારા થતો હોઈ વિદ્યાર્થીને સતત નાવિન્યપૂર્ણ બાબત મળતી રહે છે. આથી વિદ્યાર્થી હંમેશા આગળ વધવા તત્પર રહે છે.
15. વિદ્યાર્થીઓને પરીક્ષાનો ડર દૂર થવાથી વિદ્યાર્થીઓ સતત શીખવાના મૂડમાં જ રહે છે.

## સંદર્ભસૂચિ :


- પાઠક,એસ.એ.(2003). **જીવન શિક્ષણ**. ગાંધીનગર : ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ.ગુજરાત રાજ્ય. પાના.નં.11.
- **તજજ્ઞ તાલીમ મોડયુલ.(2010-11). ગાંધીનગર : ગુજરાત કાઉન્સિલ ઓફ ઇલેમેન્ટરી એજ્યુકેશન.**
- દેસાઈ,કે.જી.શાહ અને અન્ય.(1984). **શૈક્ષણિક પરિભાષા અને વિભાવના(પ્રથમ આવુત્તિ).** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
- શાહ,ડી.બી.(2009). **શૈક્ષણિક સંશોધન (દિશા દર્શન).** પ્રમુખ પ્રકાશન. સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી. પાના.નં.19.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર. **(2018-19). પ્રજ્ઞા પ્રશિક્ષણ મોડયુલ.** ગાંધીનગર : સર્વ શિક્ષા અભિયાન.
- **સાર્થ ગુજરાતી શબ્દકોષ.(**2007). અમદાવાદ : ગુજરાત વિદ્યાપીઠ.
- http:// www.Oxford Dictionaries.com/ Defination./English.
- http:// Gujarat-education.gov.in/ssa/projects/pragna.